**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૩૧/૫/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૧૦૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ અને ૬૩૩ બોટલ ઇગ્લીશદારૂ, ૧૦ બિયરટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૧૦૮/૧૫**

**નારણપુરા :** રમેશભાઇ નારણદાસ ભોજવાણી (રહે,હુડકો ફ્લેટ, શીવજીનાં મંદિર પાસે, ઉધ્ધનગર, સૌરાબજી કંમ્પાઉન્ડ, જુના વાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૫/૧૫ સાંજનાં ૫/૩૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન સૌરાબજી કંમ્પાઉન્ડ ખાતે આરોપી (૧) અક્ષય રમેશભાઇ ચંદલાણી (રહે.સૌરાબજી કંમ્પાઉન્ડ, જુના વાડજ) અને (૨) આકાશ ત્રિકમભાઇ રાજ્યપાલ (રહે.નિર્ણયનગર, નવા વાડજ) ભેગામળી કોઇ કારણસર રમેશભાઇનાં દિકરા રામચંદ્ર ઉર્ફે રોકી (ઉ.વ.૨૩) ને તીક્ષ્ણ હથિયારથી છાતીનાં ભાગે જીવલેણ ઘા મારી, રામચંદ્રનું મૃત્યુ નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.આર.ધમલ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૯/૧૫**

**ગોમતીપુર :** ચન્દ્રીકાબેન જગદીશભાઇ વાઘેલા (રહે, નાગોરીની ચાલી, ગોમતીપુર) એ તા.૩૦/૫/૧૫ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૫/૧૫ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી કોમલબહેન(ઉ.વ.૧૭) ને ઘર નજીક રહેતો આરોપી શન્નીભાઇ ધીરજભાઇ મકવાણા, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.ડી.ડાંગરવાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૧૦/૧૫**

**માધવપુરા :** રાઘવભાઇ અશોકકુમાર જાજુ (રહે: સરદાર પટેલ કોલોની, સરદાર પટેલનાં બાવલા પાસે, નારણપુરા) એ તા.૩૦/૫/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૫/૧૫ રાતનાં ૯/૦૦ થી ૯/૦૫ દરમ્યાન પોતે દિલ્લી દરવાજા બહાર આવેલ ભારત કૃષ્ણા બેકરીએ બિસ્કીટ ખરીદવા સારૂ પોતાની એક્ટીવાને બેકરીની બાજુમાં પાર્ક કર્યુ હતુ. જે એક્ટીવાની સીટ નીચેની ડેકીનું લોક કોઇ હથીયારથી તોડી, કોઇ અજાણી વ્યક્તિ ડેકીમાંથી રૂપીયા ૧,૮૬,૩૦૦/- ભરેલ થેલીની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.ચૌધરી ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૧૧/૧૫**

**નારણપુરા :** જયેશભાઇ વસંતભાઇ શાહ (રહે: આદર્શનગર, નારણપુરા) એ તા.૩૦/૫/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૫/૧૫ રાતનાં ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની વેગનઆર કાર નંબર જીજે.૧૮.એ.એચ.૯૦૩૬ કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ તા.૨૯/૫/૧૫ સવારનાં ૫/૪૫ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૧૧૨/૧૫**

**દાણીલીમડા :** રશ્મીભાઇ જોશેફભાઇ ક્રિશ્ના (ઉ.વ.૪૦)(રહે.ઠાકોરવાસ, રામબાગ સોસાયટી સામે, દાણીલીમડા) એ કોઇ કારણસર તા.૩૦/૫/૧૫ બપોરના ૪/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે બાંકડા કાપવાનાં હેન્ડ કટરને પોતાની જાતે પોતાના ગળાના ભાગે ફેરવી દઇ, આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)